# મહિન્દ્રાએ ગુજરાતમાં ક્રિશ-ઇ કેન્દ્રો શરૂ કર્યાં

- *ક્રિશ-ઇ મહિન્દ્રાનો નવો 'ફાર્મિંગ એઝ એ સર્વિસ' (એફએએએસ) વ્યવસાય છે, જેણે ભારતીય કૃષિમાં ડિજિટલ યુગની શરૂઆત કરી છે*
- *ખેડૂતોને પાક માટે અને પાકના ચક્રના વિવિધ તબક્કાઓ માટે ટેકનોલોજી-સંચાલિત વિવિધ કસ્ટમાઇઝ્ડ સોલ્યુશન પ્રદાન કરે છે*
- *એગ્રોનોમી, મિકેનાઇઝેશન અને ડિજિટાઇઝેશનનો ઉપયોગ કરીને ખેડૂતોની જમીનની એકરદીઠ આવક વધારશે*
- *ગુજરાતમાં ક્રિશ-ઇ કેન્દ્રોનો પ્રથમ સેટ એગ્રોનોમી, ઇક્વિપમેન્ટ રેન્ટલ અને ડિજિટાઇઝેશન સેવાઓ ઓફર કરશે, જેને ખેડૂતો માટે ત્રણ એપ – ક્રિશ-ઇ, ક્રિશ-ઇ રેન્ટલ અને ક્રિશ-ઇ નિદાનનો ટેકો પ્રાપ્ત છે*

**અમદાવાદ, 5 નવેમ્બર, 2020:** 19.4 અબજ ડોલરના મહિન્દ્રા ગ્રૂપની કંપની મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા લિમિટેડના ફાર્મ ઇક્વિપમેન્ટ સેક્ટર (એફઇએસ)એ આજે મહિન્દ્રાની નવી 'ફાર્મિંગ એઝ એ સર્વિસ' બિઝનેસના ભાગરૂપે ગુજરાતમાં અમરેલી, ગાંધીનગર, જામનગર અને જૂનાગઢમાં ક્રિશ-ઇ કેન્દ્રો શરૂ કર્યાં છે.

***'એક્સપર્ટ તકનીક, નવા ઉપાય, પરિણામ દેખાડે'*** ટેગલાઇન સાથે ક્રિશ-ઇ એક બિઝનેસ વર્ટિકલ છે, જે ટેકનોલોજી સંચાલિત સેવાઓ પ્રદાન કરે છે. આ ખેડૂતો માટે પ્રગતિશીલ, વ્યાજબી અને સુલભ છે. ક્રિશ-ઇનો ઉદ્દેશ પાકના સંપૂર્ણ ચક્રમાં ડિજિટલ માધ્યમોથી સંચાલિત સેવાઓ દ્વારા ખેડૂતોની આવક વધારવાનો છે.

એમાં એગ્રોનોમી એડવાઇઝરી, અદ્યતન કૃષિ ઉપકરણ ભાડાં પર આપવાની સુવિધા તથા ખેતીવાડી સાથે સંબંધિત અત્યાધુનિક સચોટ સોલ્યુશનો શામેલ છે, જે તમામ ખેતીવાડીનો સંપૂર્ણ ખર્ચ ઘટાડવા અને પાકની ઉત્પાદકતા વધારવા તથા પરિણામે ખેડૂતની આવક વધારવા પર કેન્દ્રિત છે.

ગુજરાત ઉપરાંત ક્રિશ-ઇ મહારાષ્ટ્ર, આંધ્રપ્રદેશ અને તેલંગાણામાં સફળતાપૂર્વક શરૂ થઈ છે અને તબક્કાવાર રીતે અન્ય તમામ રાજ્યોમાં શરૂ થશે. તમામ માધ્યમોમાં અભિગમ સાથે ક્રિશ-ઇ ખેડૂતો તેમના ખેતરોમાં, ક્રિશ-ઇ કેન્દ્રોમાં ક્રિશ-ઇ ડિજિટલ એપ્સ પર તથા અમારા ક્રિશ-ઇ સહાયકોનો કોલ સેન્ટરમાં સંપર્ક કરીને વ્યક્તિગત સેવાઓનો લાભ લઈ શકે છે.

Copyright © 2020 Mahindra & Mahindra Ltd. All rights reserved.

**આ ઐતિહાસિક લોંચ પર એમએન્ડએમ લિમિટેડના ફાર્મ ઇક્વિપમેન્ટ સેક્ટર (એફઇએસ)ના પ્રેસિડન્ટ હેમંત સિક્કાએ કહ્યું હતું કે,** "ભારતમાં ખેતીવાડીમાં ટેકનોલોજીકલ રોકાણ અને નવીનતાઓ લાવવામાં આવી છે, છતાં ઉત્પાદકતા અને કૃષિ આવકમાં વધારો કરવાનો ઘણો અવકાશ છે. મહિન્દ્રામાં અમે ખેતી કરવાની રીતમાં ફરક લાવવા ઇચ્છીએ છીએ. ખેડૂતોની આવકમાં વધારો કરવા પર અમે ધ્યાન કેન્દ્રિત કર્યું હોવાથી અમારું વિઝન ભારતીય ખેડૂતોને સ્પર્ધાત્મક ખર્ચે ટેકનોલોજી પ્રદાન કરવાનો અને તેમના જીવનમાં પ્રગતિ (રાઇઝ) કરવા સક્ષમ બનાવવાનો છે!"

**શ્રી સિક્કાએ ઉમેર્યું હતું કે,** "અમે ખુશ છીએ કે, ક્રિશ-ઇ મહિન્દ્રા ગ્રૂપની રચનાના 75મા વર્ષમાં એના કેન્દ્રો શરૂ કર્યા છે. ક્રિશ-ઇ એક ઇનોવેટિવ નવું બિઝનેસ વર્ટિકલ છે, જેનો આશય ભારતમાં ખેતીવાડીમાં નવા ડિજિટલ યુગની શરૂઆત કરવાના અભિગમને અપનાવવાનો છે. એનો ઉદ્દેશ એઆઈ, આઇઓટી અને ડિજિટલ સોલ્યુશનોથી સંચાલિત વધારે અસરકારક કૃષિલક્ષી ટેકનિકો અપનાવવામાં મદદ કરીને ખેડૂતોના જીવનમાં પરિવર્તન લાવવાનો છે, જે વધારે વ્યાજબી હશે તથા ખેડૂતોની ઉત્પાદકતા અને નફાકારકતા બંને વધારવાનો માર્ગ મોકળો કરશે. ક્રિશ-ઇ દ્વારા અમે મહિન્દ્રામાં અમારા ખેડૂતોને વધારે ગાઢ રીતે જોડીએ છીએ અને તેમની સાથે મજબૂત સંબંધોનું નિર્માણ કરીએ છીએ."

**એમએન્ડએમ લિમિટેડના એફએએસ સ્ટ્રેટેજી અને એફએએસના સીનિયર વાઇસ પ્રેસિડન્ટ રમેશ રામચંદ્રને** કહ્યું હતું કે, "ક્રિશ-ઇ એની સેવાઓ દ્વારા ખેતીવાડીમાં પરિણામોમાં ફરક લાવે છે, જેમાં એગ્રોનોમી, મિકેનાઇઝેશન અને ડિજિટાઇઝેશનનો સમન્વય થયો છે. ક્રિશ-ઇ દ્વારા અમે વાવેતરના ખર્ચ, પાકના રક્ષણ અને ઉત્પાદકતા પર અસર કરવા સ્થિતિસંજોગો આધારિત સોલ્યુશન પ્રદાન કરીને 1 લાખથી વધારે ખેડૂતોને હકારાત્મક અસર કરી છે. અત્યારે ક્રિશ-ઇ અંદાજે 1,000 ડેમો પ્લોટ ધરાવે છે, જેમાં અમે ખેડૂતોની સાથે એગ્રોનોમી ઇનપુટ અને અત્યાધુનિક મિકેનાઇઝેશન ઉકેલોનો સમન્વય કરીને દેખાય એવી અસર લાવવા કામ કરી રહ્યાં છીએ. ક્રિશ-ઇ દ્વારા અમે ચેમ્પિયન ફાર્મર્સના દેશનું સર્જન કરવા કામ કરી રહ્યાં છીએ."

## ખેતીવાડીમાં ડિજિટલ યુગની શરૂઆત

ક્રિશ-ઇ ઇન્ટરનેટ ઓફ થિંગ્સ (આઇઓટી) અને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (એઆઈ)નો ઉપયોગ કરશે, જેથી ખેતીવાડીની ઇકોસિસ્ટમને લાભ થશે અને ખેડૂતોને સચોટ ખેતીવાડી કરવા મળશે, એ પણ વ્યાજબી અને સરળ રીતે. આ માટે એમએન્ડએમએ દુનિયાભરમાં વ્યૂહાત્મક રોકાણ કર્યું છે – જેમાં રેસ્સોન – કેનેડિયન પ્રીડિક્ટિવ એનાલીટિક્સ કંપની, ગામાયા – સ્વિસ હાયપરસ્પેક્ટ્રલ ઇમેજ એનાલીટિક્સ કંપની અને કાર્નોટ – ભારતીય એઆઈ સક્ષમ એગ્રી આઇઓટી કંપની સામેલ છે.

Copyright © 2020 Mahindra & Mahindra Ltd. All rights reserved.

ક્રિશ-ઇ પ્રીસિઝન ફાર્મિંગ સોલ્યુશનો ખેતર પર, ડ્રોન પર, સેટેલાઇટ પર અને કૃષિ ઉપકરણો પર વિવિધ સેન્સર્સ અને કેમેરાનો ઉપયોગ કરશે, જેથી જમીન, પાક અને મશીનની જાણકારી મળશે. એઆઈ અલ્ગોરિધમ આ ડેટાને યુઝર્સને અનુકૂળ અને આંતરિક જાણકારી ધરાવતા ફિલ્ડ મેપમાં પરિવર્તિત કરશે, જેથી ખેડૂતો અને એગ્રોનોમિસ્ટો ઇન્ટેલિજન્ટ મશીનોનો ઉપયોગ કરીને અલગ-અલગ રીતે ખેતીવાડીની કામગીરી કરી શકશે. આ પ્રકારની કામગીરીથી બટાટા, દ્રાક્ષ અને શેરડીના ખેડૂતોને વાવેતરનો ખર્ચ ઘટાડવામાં અને તેમની ઉપજ વધારવામાં મદદ મળી છે.

ક્રિશ-ઇએ વિશિષ્ટ અને ખેડૂતકેન્દ્રિત રીતે સલાહકાર અને રેન્ટલ સર્વિસ પ્રદાન કરવા ત્રણ એપ લોંચ કરી છે. સલાહકાર સેવાઓ પાક કેન્દ્રિત છે અને એમાં કસ્ટમાઇઝ્ડ અને ગતિશીલ પાક કેલેન્ડર તથા રિયલ ટાઇમ નિદાન તથા જંતુઓ અને રોગોનું સમાધાન કરવાની બાબતો સામેલ છે.

રેન્ટલ એપ એઆઈ પાવર્ડ આઇઓટી કિટનો ઉપયોગ કરશે, જે ઉપકરણ પર અને કામગીરી પર નજર રાખશે. ઉપકરણના કાફલા સાથે રેન્ટલ આંત્રપ્રિન્યોર્સને લક્ષ્યાંક બનાવીને કિટ પ્લગ એન્ડ પ્લે માટે ડિઝાઇન કરવામાં આવી છે, જેનો ઉપયોગ કરવો અતિ સરળ અને વાજબી છે. લગભગ 2,000 રેન્ટલ આંત્રપ્રિન્યોર્સ દ્વારા ઉપયોગ થતી આ કિટ રેન્ટલ ઓપરેશનની કાર્યદક્ષતા અને નફાકારકતામાં વધારો કરશે.

આ ત્રણ એપ ***ક્રિશ-ઇ, ક્રિશ-ઇ રેન્ટલ અને ક્રિશ-ઇ નિદાન*** તરીકે ઉપલબ્ધ છે, જેને ગૂગલ પ્લે સ્ટોરમાંથી ડાઉનલોડ કરી શકાય છે.

**મહિન્દ્રા વિશે**

19.4 અબજ ડોલરનું મહિન્દ્રા ગ્રૂપ વિવિધ કંપનીઓનું જૂથ છે, જે લોકોને નવીન મોબાલિટી સોલ્યુશન્સ મારફતે સક્ષમ બનાવે છે, ગ્રામીણ વિસ્તારોમાં સમૃદ્ધિ લાવે છે, શહેરી જીવનની ગુણવત્તા વધારે છે, નવા વ્યવસાયોને પોષણ આપે છે અને વિવિધ સમુદાયોને પ્રોત્સાહન આપે છે. તે ભારતમાં યુટિલિટી વ્હીકલ્સ, ઇન્ફોર્મેશન ટેકનોલોજી, નાણાકીય સેવાઓ અને વેકેશન ઑનરશિપમાં ટોચનું સ્થાન ધરાવે છે તથા વિશ્વમાં વોલ્યુમની દ્રષ્ટિએ ટ્રેક્ટરની સૌથી મોટી કંપની છે. આ રિન્યૂએબલ એનર્જી, એગ્રીબિઝનેસ, લોજિસ્ટિક્સ, એગ્રિબિઝનેસ, લોજિસ્ટિક્સ અને રિયલ એસ્ટેટ ડેવલપમેન્ટમાં પણ મજબૂત કામગીરી ધરાવે છે. ભારતમાં હેડક્વાર્ટર ધરાવતું મહિન્દ્રા ગ્રૂપ 100 દેશોમાં 2,56,000થી વધારે લોકોને રોજગારી આપી છે.

મહિન્દ્રા પર વધારે જાણકારી મેળવો www.mahindra.com / Twitter and Facebook: @MahindraRise

**Media contact information**

Mohan Nair
Vice President (Communications)
Mahindra & Mahindra Ltd.
Landline – + 91 22 28468510
Email – nair.mohan@mahindra.com

Copyright © 2020 Mahindra & Mahindra Ltd. All rights reserved.